# બસમાંથી મળેલું સાત હજાર રોકડાં ભરેલું વોલેટ તેના માલિકને શોધી પરત કરતી "પ્રમાણિક" યુવતી

**વોલેટમાં રોકડ ઉપરાંત અગત્યના ડોક્યુમેન્ટ્સ સાથે એટીએમ કાર્ડ હતું જેના આધારે બેંકમાં જઇને યુવાનનો મોબાઇલ નંબર મેળવ્યો : જેનું વોલેટ ખોવાયું હતું તે આઇઆઇટીઇનો વિદ્યાર્થી અને પરત કરનાર યુવતી ફોરેન્સિક યુનિવર્સિટીમાં પીએચડીની વિદ્યાર્થીની**

ગાંધીનગર, તા. ૧૩

આજકાલ જાહેર ચર્ચામાં કે પ્રવચનોમાં યુવાનોમાં માત્ર દેખાડાં સાથે બેજવાબદારી અને અપ્રમાણિકતા વધી રહી હોવાના આક્ષેપો કરવાની જાણે ફેશન ચાલી રહી છે. યુવાનો પર આ રીતે આક્ષેપ કરવા સહેલાં છે પરંતુ હકીકતમાં આજના યુવાનો વધુ પ્રમાણિક અને વધુ નિખાલસ છે તેવાં કિસ્સાં અવારનવાર જોવા મળે છે. ગાંધીનગરમાં તાજેતરમાં જ એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં એક યુવાનનું આશરે રૂપિયા સાત હજાર રોકડ અને અગત્યના ડોક્યુમેન્ટ્સ સાથેનું વોલેટ ખોવાઈ જવા પામ્યું હતું જે એક યુવતીને મળી આવતાં તેણે પોતાનો કિંમતી સમય બગાડીને યુવકને શોધીને તે પણ પરત કરી પ્રામાણિકતાનું અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

ગાંધીનગરના સે.૧૫માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન સાથે એમએસસી-એમએડનો અભ્યાસ કરી રહેલાં ગોધરાના રાહુલ વણજારા નામનો યુવાન જ્યારે સોમવારે પોતાના ઘરેથી પરત ફરી રહ્યો હતો ત્યારે તે સાંજે અમદાવાદથી ગાંધીનગર આપવા માટે વિકાસ રૂટની નવી બસમાં બેઠો હતો. બસમાં ટિકિટ લીધા પછી રાહુલ પોતાનું વોલેટ ખોળામાં જ રાખીને પાછું ખિસ્સામાં મૂકવાનું ભૂલી ગયો હતો અને જ્યારે રાત્રે આશરે સાડા આઠ વાગ્યાની આસપાસ બસ



ઈન્ફોસિટી પહોંચી જ્યાં રાહુલને ઉતરવાનું હતું તે સ્ટેશન આવતાં તે બસમાંથી ઊતરી ગયો હતો. આ દરમ્યાન તેનું વોલેટ બસમાં જ પડી ગયું હતું જેનું પેમેન્ટ સહેજ પણ અણસાર આવ્યો નહોતો. આ વોલેટમાં આશરે સાત હજાર જેટલા રોકડા નાણાં અને બેંકનું એટીએમ કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ, સહિત તેનાં કોલેજનું આઈડીકાર્ડ સહિતના અગત્યના દસ્તાવેજો પણ હતાં. આ પછીના બસસ્ટોપે રાહુલની નજીકમાં બેઠેલી સંતોષી રુદ્રકર નામની એક યુવતી પોતાનું સ્ટેન્ડ આવતાં બસમાંથી ઊતરવા ઊભી થઈ હતી ત્યારે તેની બાજુમાં બેઠેલા અન્ય એક મુસાફરે પેલું વોલેટ નીચે પડેલું જોઈ તેને ઉપાડીને સંતોષીને આપતા કહ્યું કે "લો તમારું પર્સ પડી ગયું છે." વોલેટ જોઈને સંતોષીને ખબર પડી ગઈ કે આ પેલા યુવાનનું છે જે એની અગાઉ ઉતર્યો હતો એટલે તેણે પેલા મુસાફરની કહ્યું કે "આ પર્સ મારુ તો નથી પરંતુ જેનું છે તેને હું પહોંચાડી દઈશ" એમ કહીને તેણે પણ પોતાની સાથે લઈ લીધું હતું. આ દરમ્યાન જ બીજી તરફ રાહુલને પોતાની રૂમ પર પહોંચ્યા પછી ખબર પડી કે વૉલેટ બસમાં પડી ગયું છે એટલે તુરંત તે પથિકાશ્રમ એસટી ડેપો પર પહોંચ્યો હતો પરંતુ બસ સેક્ટર રૂટની હોવાથી હજુ ડેપો પર પહોંચવામાં અડધો કલાક જેવી વાર લાગે તેમ હતી તેથી કંટ્રોલ પોઈન્ટ પરથી તેણે કંડકટરને ફોન કરાવ્યો અને તપાસ કરી તો કંડકટરે કહ્યું કે "અહીં કોઈ વોલેટ પડેલું દેખાતું નથી". આ પછી બસ પરત ફરી ત્યારે પણ તેણે ખાતરી કરી લીધી અને પછી મનોમન પોતાના નાંણા અને અગત્યના ડોક્યુમેન્ટ્સ ગુમાવ્યાંનો અફસોસ કરતાં રૂમ પર પરત ફર્યો હતો.

આ તરફ સંતોષીએ પોતાના રૂમ પર પંહોચી પેલું વોલેટ ચેક કર્યું જેમાં મળેલા દસ્તાવેજોના આધારે જે યુવાનનું વોલેટ હતું તેનું નામ રાહુલ વણજારા છે તે ખબર પડી પરંતુ તેનો કોઈ કોન્ટેક્ટ નંબર વોલેટમાંથી મળ્યો નહોતો તેથી સંતોષીએ સોશ્યલ મીડિયા પર પણ રાહુલને શોધવા પ્રયાસ કર્યો પરંતુ તેમાં સફળતા મળી નહોતી. આથી બીજા દિવસે વહેલી સવારે સંતોષીએ સેક્ટર-૯ ખાતે આવેલી એસબીઆઈ બેંકની બ્રાન્ચમાં જઈને સમગ્ર ઘટનાની વાત કરી બેંકનું એટીએમ કાર્ડ બતાવતાં બેંક્ર અધિકારીને તેની વાતમાં વિશ્વાસ આવ્યો હતો અને તેણે એટીએમ કાર્ડના આધારે રાહુલના બેંક્રખાતાંની વિગત જોઈને તેનો મોબાઈલ નંબર આપ્યો હતો. વહેલી સવારે રાહુલ પર પેલી યુવતીનો ફોન આવ્યો જેણે ઓળખની ખાતરી કરી લીધા પછી પૂછ્યું હતું કે તમારું વોલેટ ખોવાયું છે જેના જવાબમાં રાહુલે હા પાડતા તેને લઈ જવા માટે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આવવા જણાવ્યું હતું અને રાહુલ ત્યાં પંહોચતાં તેને બસમાં જોયેલો હોવાથી અને ડોક્યુમેન્ટ્સમાં ફોટો પણ હોવાથી ઓળખીને વોલેટ પરત કરતાં રાહુલની ખુશીનો પાર રહ્યો નહોતો અને તેણે સંતોષીનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

## નામ જેવા જ ગુણ અને કોલર ટ્યુન ધરાવતી "સંતોષી"

રાહુલ વણજારાનું ખોવાયેલું વૉલેટ જેને મળ્યું હતું તે સંતોષી રૂદ્રકર તેના નામ જેવા જ "સંતોષી" ગુણો ધરાવતી યુવતી છે. મધ્યપ્રદેશના બાલાઘાટની સાઈબર ફોરેન્સિકમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલી આ યુવતી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે "ડિજિટલ ફોરેન્સિક" વિષય પર પીએચડી કરી રહી છે અને તે સાથે ત્યાં જ પાર્ટટાઈમ આસિસ્ટન્ટ લેક્ચરર તરીકેની જોબ પણ કરી રહી છે. ઈશુ ખ્રિસ્તના આદર્શોને માનતી આ યુવતીના મોબાઈલની કોલર ટ્યુન પણ તેના સ્વભાવ મુજબ "નેકી કી રાહોં પે તુ ચલ.." ગીતની છે.

# સચિવાલય એમ્પલોઇઝ કો-ઓપ. ન્યુ ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ગત તા. ૮મી જુલાઈના રોજ સર્કિટ હાઉસ ખાતે ધી ગુજરાત સચિવાલય એમ્પલોઇઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટી લિમિટેડના વ્યવસ્થાપક મંડળની બેઠક મળી હતી જેમાં સોસાયટીના વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોમાં પ્રમુખપદે જૈમિન પટેલ, ઉપપ્રમુખ પદે જયદીપસિંહ ગોહિલ, માનદ મંત્રી પદે હિરેન રાઠોડ, સહમંત્રી પદે સમીક્ષા કમાણી તેમજ વિવિધ સમિતિઓના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી જેમાં લોન સમિતિના ચેરમેનપદે સાર્થક ડામોર, ખરીદ સમિતિના ચેરમેન પદે તારક પટેલ અને આઈટી સમિતિના ચેરમેનપદે વિશાલ સોલંકીની વરણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ન્યુ ક્રેડિટ સોસાયટી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની કુલ ૧૭૯૩ સભાસદો ધરાવતી સહકારી સંસ્થા છે જેમાં અન્ય હોદ્દેદારોમાં લોન સમિતિમાં આનંદ શ્રીમાળી, માનસી ખોખાણી, જસ્મિન કાવઠિયા અને મહેશ સોંદરવા જયારે ખરીદ સમિતિમાં મહેશ સોંદરવા, મૃણાલ છાયા, માનસી ખોખાણી, વિશ્વદિપસિંહ ચૌહાણ, પર્સનલ સમિતિમાં રૂદ્રદત્તિસિંહ વાઘેલા, કિર્તીભાઈ પટેલ, મૃણાલ છાયા તેમજ આઈટી સમિતિમાં વિશ્વદિપસિંહ ચૌહાણ, કિર્તીભાઈ પટેલ, જસ્મિન કાવઠિયા અને આનંદ શ્રીમાળીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# શૈક્ષણિક કાર્ય બંધ કે ચાલુ રાખવા તે અંગે સ્થાનિક તંત્ર નિર્ણય લઈ શકશે

**શિક્ષણ વિભાગનો મોટો નિર્ણય : શાળા-કોલેજમાં શિક્ષણ કાર્ય ચાલુ કે બંધ રાખવા સંદર્ભે રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના હિત માટે મોટો નિર્ણય લીધો**

ગાંધીનગર,તા.૧૩

વરસાદી વાતાવરણમાં રાજ્યની શાળા-કોલેજમાં શિક્ષણ કાર્ય ચાલુ કે બંધ રાખવા સંદર્ભે રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના હિત માટે મોટો નિર્ણય લીધો છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યુ કે, સ્થાનિક સ્થિતિ અનુરૂપ શૈક્ષણિક કાર્ય બંધ કે ચાલુ રાખવા અંગે શહેર-જિલ્લાના સક્ષમ સત્તાધિકારી નિર્ણય લઈ શકશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે કરેલ પરામર્શ બાદ આ નિર્ણય લેવાયો છે. રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજયમાં વરસાદી વાતાવરણને કારણે વિદ્યાર્થીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શાળા, કોલેજ કે અન્ય શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી નિર્ણય લેવાયો છે કે, સ્થાનિક વરસાદી સ્થિતિ અનુરૂપ શૈક્ષણિક કાર્ય બંધ કે ચાલુ રાખવા અંગે શહેર-જિલ્લાના સક્ષમ સત્તાધિકારી એટલે કે સ્થાનિક વહીવટી તંત્ર યોગ્ય નિર્ણય લઈ શકશે.

વધુમાં કહ્યું કે, વરસાદી વાતાવરણમાં સ્થાનિક સ્થિતિ અનુરૂપ સરકારી/ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ/કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં યથાસ્થિતિ જિલ્લા/શહેર સ્તરે કલેકટરશ્રી, મ્યુનિ.કમિશ્નર, જિલ્લા વિકાસ અધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને સબંધિત જિલ્લા/શહેરના સ્થાનિક વહીવટીતંત્રના પરામર્ષમાં કોઈ ચોક્કસ વિસ્તાર અથવા જિલ્લા/શહેરના તમામ વિસ્તાર માટે સબંધીતો સાથે પરામર્શ કરી શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય ચાલુ/બંધ રાખવા/પૂનઃ શરૂ કરવા અંગે જરૂરી નિર્ણય લઈ શકશે.

# તારંગા હિલ-અંબાજી-આબુરોડ નવી રેલવે પરિયોજનાને મંજૂરી માટે

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્રીય કેબિનેટે તારંગા હિલ-અંબાજી-આબુરોડ નવી રેલવે પરિયોજનાને આપેલી મંજૂરી માટે સમગ્ર ગુજરાતની જનતા જનાર્દન વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો છે.

મહેસાણાની તારંગા ટેકરી પર સ્થિત પ્રસિદ્ધ શ્રી અજીતનાથ જૈન તીર્થસ્થળ, સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિર અને આબુ રોડ જતા તીર્થયાત્રીઓ કે પ્રવાસીઓને આ રેલવે પરિયોજનાથી સીધો ફાયદો થશે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે તારંગા હિલ, અંબાજી અને આબુરોડ રેલ પરિયોજનાને મંજૂરી આપી છે તેની જાહેરાત કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે કરી હતી. આ સુચિત ૧૧૬.૬૫ કિ.મી. લાંબી રેલવે પરિયોજનાથી તારંગા હિલ, અંબાજી શક્તિપીઠ અને આબુરોડ સુધી રેલ કનેક્ટિવિટી મળશે. અંદાજે રૂ. ૨૭૯૮.૧૬ કરોડના ખર્ચે સાકાર થનારી આ રેલવે પરિયોજના ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરાશે.

# રાજ્યમાં કોરોનાના નવા ૭૪૨ કેસ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૭૪૨ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન સારી વાત એવી છે કે આજે કોઈનું કોરોનાથી મોત થયું નથી. રાજ્યમાં આ દરમિયાન કોરોનાની સારવાર બાદ ૬૭૩ લોકો સાજા થયા છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૫૦ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૧૨ લાખ ૨૪ હજાર ૫૭૬ કેસ નોંધાયા છે.

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં સામે આવ્યા છે. અમદાવાદમાં ૨૫૪ કેસ નોંધાયા છે. તો સુરત કોર્પોરેશનમાં ૭૫, મહેસાણા ૬૩, વડોદરા કોર્પોરેશન ૪૧, ભાવનગર કોર્પોરેશન ૪૦, સુરત ૩૨, ગાંધીનગર કોર્પોરેશન ૨૪, ગાંધીનગર ૨૩, વલસાડ ૨૨, કચ્છ ૧૯, પાટણ ૧૯, ભાવનગર ૧૩, રાજકોટ ૧૩, જામનગર કોર્પોરેશન ૧૨, રાજકોટ કોર્પોરેશન ૧૧, દેવભૂમિ દ્વારકા ૯, નવસારી ૯, અમરેલી ૮, બનાસકાંઠા ૮, સાબરકાંઠા ૮, આણંદ ૭, ભરૂચ ૭, અમદાવાદ ૬, ખેડા ૪, મોરબી ૪, વડોદરા ૪, અરવલ્લી ૩, જૂનાગઢ ૧, જૂનાગઢ કોર્પોરેશન ૧, પોરબંદર ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ એમ કુલ ૭૪૨ કેસ નોંધાયા છે.

રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪૧૫૬ છે, જેમાં ત્રણ દર્દી વેન્ટીલેટર પર છે. કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી રાજ્યમાં ૧૨ લાખ ૨૩ હજાર ૯૦૩ લોકો સાજા થયા છે. કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૫૦ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૮ ટકા છે. રાજ્યમાં સતત કોરોના સામે મજબૂતી મેળવવા રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. રાજ્યમાં આજે સાંજે ૫ કલાક સુધીમાં ૩૦,૫૪૧ લોકોને રસી આપવામાં આવી છે. અત્યાર સુધી કોરોના વેક્સીનના ૧૧ કરોડ ૧૯ લાખ ૯૦ હજાર ૮૨૦ ડોઝ આપવામાં આવ્યા જેમાં પ્રથમ, બીજો અને પ્રિકોશન ડોઝ સામેલ છે.

# ભરૂચના વાગરા તાલુકામાં સૌથી વધુ ૯ ઈંચ વરસાદ : રાજ્યના ૨૫ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪૬ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં સૌથી વધુ ૯ ઈંચ વરસાદ તથા રાજ્યના અન્ય ૨૫ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના અન્ય ૧૪૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૨ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતાં ૨૪ કલાક દરમિયાન વાગરા તાલુકામાં ૨૩૩ મિ.મી., અંજારમાં ૨૧૨ મિ.મી. મળી એમ બે તાલુકાઓમાં ૮ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. ભુજમાં ૧૯૭ મિ.મી, વઘઈમાં ૧૭૪ મિ.મી, ગાંધીધામમાં ૧૭૧ મિ.મી, વાંસદામાં ૧૬૫ મિ.મી, આહવામાં ૧૬૦ મિ.મી, કરજણમાં ૧૪૯ મિ.મી મળી કુલ સાત તાલુકાઓમાં પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આમ કુલ ૨૫ તાલુકાઓમાં ૪ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. કુલ ૨૭ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તેમજ રાજ્યના અન્ય કુલ ૧૪૮ તાલુકાઓમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

# વરસી રહેલા વરસાદને કારણે રાજ્યના મુખ્ય ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૪૬.૯૧ ટકા જળસંગ્રહ

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં વરસી રહેલા વરસાદને કારણે રાજ્યના મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૪૬.૯૧ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૧,૬૦,૩૬૩ એમસીએફટી જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૪૮ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. પાણી પુરવઠા વિભાગના ફ્લડ સેલ દ્વારા જણાવ્યાનુસાર તા. ૧૩ જુલાઈ, ૨૦૨૨ની સ્થિતિએ રાજ્યભરમાં ૨૧ જળાશયો એવા છે કે જેમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. ૩૦ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ, ૨૭ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસંગ્રહ, ૫૧ જળાશયોમાં (સરદાર સરોવર સહિત) ૨૫ ટકાથી ૫૦ ટકા જળસંગ્રહ, ૭૭ જળાશયોમાં ૨૫ ટકા કરતાં ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

## કટોકટી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિના રાજીનામા બાદ વડાપ્રધાનને કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવવામાં આવે છે. ઉપરાંત સ્પીકર અભયવર્ધનેને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવે તેવા સમાચાર વહેતા થયા છે. લોકોને તે મુદ્દે પણ વિરોધ છે. શ્રીલંકામાં સર્વપક્ષીય સરકાર બનવાની છે. તેમાં વિપક્ષી પાર્ટીઓ ઈચ્છે છે કે, જો સ્પીકરને રાષ્ટ્રપતિ બનાવવામાં આવે તો નેતા વિપક્ષ સજિદ પ્રેમદાસાને વડાપ્રધાન બનાવવામાં આવે.

## રૌદ્ર રૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ફોસીટી, સરગાસણ, ખોરજ અને રાંધેજામાંથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ જેટલા કેસ સંક્રમિત થયેલા દર્દીના સંપર્કમાં આવવાથી સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૪૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસ સહિત ૧૪૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આ નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તેમજ સઘન સર્વેલન્સ કરવાની સૂચનાઓ આપી છે.

## ડહોળું પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે છે. પરંતુ પ્લાન્ટની ક્ષમતા પણ પુરતી નથી જેના લીધે પાણી શુધ્ધિકરણની પ્રક્રીયા પણ પ્રભાવિત છે. અલબત્ત શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા ઓછી પડે છે. પરંતુ સેકટરોમાં સપ્લાય કરવામાં આવતુ પાણી પીવાલાયક હોય છે. ઘરમાં નળમાં આવતુ પાણી ડહોળુ જોઈને સ્વાભાવિક રીતે જ નાગરિકોના મનમાં પ્રશ્ન ઉભો થાય છે. પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાય છે. જો કે મોટાભાગના ઘરોમાં આર ઓ પ્લાન પણ કાર્યરત છે. જયારે સુત્રોના જણાવ્યા મુજબ નગરના સેકટરોમાં ઘરે ઘરે સપ્લાય થતુ પાણી પીવાલાયક હોય છે. જયારે આ પાણી ડહોળુ હોય તો પણ પીવાલાયક અને સુરક્ષિત હોવાનુ પણ તંત્રના અધિકારીઓએ જણાવ્યુ છે.

## જન્મદિને વધામણી



શૈલેન્દ્ર ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨



જે એન પરીખ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩



જનકસિંહ આર બિહોલા
મો. ૯૨૬૫૬ ૯૨૮૧૯



દરજી વેદકુમાર સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬



કલ્પેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૩૭૮ ૮૧૭૭૪



નીતિન બી પ્રજાપતિ



જગદીશ ઠાકોર
દ્વારકેશ ઝેરોક્ષ



હેતાર્થ જોશી



વત્સલ મેહુલ પટેલ
મો. ૮૪૦૧૦ ૦૬૪૬૭



કીથ ભાવેશ કાપડિયા
મો. ૯૮૯૮૪ ૮૫૮૬૭

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ કસ્તુરબેન માધવલાલ, ઉ.વ. ૭૩, સેકટર-૨૨
- સ્વ. ઠાકોર કાન્તિજી જવાનજી, ઉ.વ. ૫૭, ધરમપુર (ભુડીયા)
- સ્વ. ચાવડા ભાઈલાલભાઈ ટીસાભાઈ, ઉ.વ. ૬૭, સેકટર-૨
- સ્વ. રાણા ચંદાજી સોમાજી, સેકટર-૨૪
- સ્વ. મકવાણા મનુભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૫, આદરજ મોટી
- સ્વ. બક્ષી અતુલકુમાર સતીષચંદ્ર, ઉ.વ. ૬૫, સેકટર-૭

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પૂજતા એમ કહેવામાં કશી જ અત્યુક્તિ નથી... એ સર્વેની પાવન સ્મૃતિ હંમેશ ચિરંજીવ રહેશે.

એ બધાં મારા સાહેબો... ગુરુજનો... આજે હવે એ પરંપરા કયાં ? હું પણ શિક્ષક છું. શું હું મારા ગુરુઓની જેમ હૃદયસ્થ થઈ શકું એમ ખરો ? આજના ટ્યુશનિયા યુગમાં આવા ગુરુઓ લાધે ખરાં ?!!!!

અંતમાં કબીર સાહેબે જ્ઞાનના પર્યાય સમા ગુરુઓ વિશે લખ્યું છે ;

'ગુરુ પારસ કો અન્તરો, જાનત હૈ સબ સંત,
વહ લોહા કંચન કરે, યે કરિ લેય મહંત.'

- આવા 'ગુરુ' સૌને મળી રહે... તેમજ પંડમાં પોઢેલા ગુરુત્વને સો પિછાણો એવી શુભેચ્છા સહ 'વ્યાસપૂર્ણિમા' નાં વંદન....!!!!

**સ્પર્શમણિ :**

ચાલો ને જીવીને દેખાડીએ... દેખાડીને જીવવામાં શું મજા.

● ● ●

અચાનક ભેગા થઈ ગયા ઈશ્વર અને માણસ.... બંનેને એક જ વિચાર આવ્યો કે, 'મને બનાવવાવાળો આવ્યો ...!!!'

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## નખરાળી જિંદગી

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ગળા સુધી આવી ગયેલા પાણી પછી અચાનક નીચે ઉતરવા લાગ્યા અને આગળ ઊંચાણ વાળી જગ્યા આવી જતા એ લોકો બચી ગયા. ઘેર જઈને ત્રણે ન્હાઈ ને ચોખ્ખા થયા અને એમનો ફોન લઈને બેઠા ત્યારે ત્રણેય ગુસ્સાથી લાલચોળ થઈ ગયા. ફેસબુક, વોટ્સેપ, ઈંસ્ટાગ્રામ બધે એમના વરસાદના પાણીમાં ફસાયેલા ફોટા અને વીડિયો દેખાઈ રહ્યાં હતાં. લોકો એમની મજાક ઉડાવી રહ્યાં હતાં. સૌથી વધારે દુઃખ તો એ વાતનું હતું કે જે મિત્રોએ એમના ઘરની બારીમાં ઊભા રહી આ ફોટા કે વિડિયો લીધેલા એ બધામાંથી એકેય જણું એમની મદદ કરવા નીચે નહોતું આવ્યું!

કાકી તો રીતસર રડવા જ લાગ્યા, એમના પાડોશીઓને મનોમન કેટલીય ગાળો પણ દીધી, એ બળેલાઓએ એકેય બ્યુટી ફિલ્ટર વાપર્યા વગર કાકીના ફોટા/વિડિયો શેર કર્યા હતાં.

લોકો તો સુધરવાથી રહ્યાં! વરસાદમાં તમે ક્યારે પલળી જાઓ અને કોઈક તમારો ફોટો ખેંચી લે એનું નક્કી નહીં એટલે સરસ રીતે તૈયાર થઈને જ બહાર નીકળજો હોં ને...

**અમસ્તું,**

આજના માણસની બે મનોકામનાઃ વાઈરસથી બચવું છે અને સોશ્યલ મીડિયા પર વાઈરલ થવું છે!

@KapadiaNiyati